# સાંધાનો વા (Arthritis)

- ❖ **શું સાંધાના વાની દવા લાંબા સમય સુધી ચાલુ રાખવાથી આડઅસર થઈ શકે છે?**
  - યોગ્ય ડોકટર દ્વારા, યોગ્ય નિદાન થયા પછી યોગ્ય માત્રામાં અપાયેલી દવાઓ સામાન્ય રીતે કોઈ નુક્સાન કરતી નથી.
  - દવા ચાલુ કરતા પહેલા અને ચાલુ કર્યા પછી સમયાંતરે રક્તકણ, લિવર અને કીડનીની તપાસ નિયમ પ્રમાણે કરી દવાની આડ અસર વિશે ખાતરી કરવામાં આવે છે.

- ❖ **શું સાંધાનો વા એ બિમારીનું નામ છે ?**
  - ના. સાંધાનો વા એ બિમારીનું લક્ષણ છે. દા.ત. તાવ એ બિમારીનું લક્ષણ છે. તાવ ઘણા કારણોથી થાય છે જેમ કે મલેરિયા, ટાઈફોઈડ, ટીબી વગેરે. તેમજ સાંધાનો વા પણ ઘણા કારણોથી થઈ શકે છે.

- ❖ **સાંધાના વાના લક્ષણો ક્યા છે ?**
  - સાંધાનો સોજો અને દુ:ખાવો સાંધાના વાનું મુખ્ય લક્ષણ છે. શરીરના કેટલા અને ક્યા સાંધા પર અસર થયેલી છે તેના આધારે વાનો પ્રકાર નકકી થાય છે.
  - સાંધાના વાના દર્દીનું શરીર જકડાઈ જાય છે. ઝીણો તાવ આવે છે. ભુખ ઓછી થાય છે. વજન ઘટે છે. વધારે થાક લાગે છે.
  - લાંબા સમયે જો યોગ્ય ઈલાજ ન કરવામાં આવે તો સાંધાના આકારમાં ફેરફાર થઈ વાંકાચુકા થઈ જાય છે. મણકાના વામાં દર્દી ધીમે-ધીમે ઝૂકી જાય છે.

- ❖ **શું સાંધાના વાની બિમારી શરીરના બીજા અંગોમાં જઈ શકે છે ?**
  - હા, સાંધાના વાની બિમારી શરીરના બધા જ અંગોમાં અસર કરી શકે છે. જેમ કે, હૃદય, ફેફસા, કીડની, મગજ સ્નાયુ વગેરે.
  - જો યોગ્ય નિદાન સમયસર ન કરવામાં આવે તો આ અંગોમાં કાયમી નુક્સાન થઈ શકે છે.
  - એસ.એલ.ઈ., સ્કેલેરોડર્મા, રૂમેટોઈડ આર્થરાઈટીસ, પોલીમાયો સાઈટીસ, વાસ્ક્યુલાઈટીસ આ પ્રકારની બિમારીઓ છે.

- ❖ **શું લોહીની તપાસ અને એક્સ-રે દ્વારા સાંધાના વાનું નિદાન થઈ શકે છે ?**
  - ના. સાંધાના વાનું નિદાન અને તેનો પ્રકાર દર્દીના ચિન્હો અને શારીરિક તપાસથી નકકી થાય છે. લોહીની તપાસ અને એક્સ-રે નિદાન કરવામાં મદદ કરે છે.

- ❖ **સાંધાના વા માટે શું તપાસ જરૂરી છે ?**
  - સાંધાના વાનો પ્રકાર નકકી કરવા માટેની રક્તની તપાસ કરવામાં આવે છે.
  - રક્તકણો, લિવર, કિડની નોર્મલ કામ કરે છે એ ખાતરી કરવા માટેની લોહીની તપાસ દવા શરૂ કરતા પહેલા અને ત્યારબાદ સમયાંતરે કરવી જરૂરી છે.
  - શરીરના બીજા અંગોમાં સાંધાના વાની અસર છે કે નહી એ ખાતરી કરવા માટે એક્સરે, સીટી સ્કેન, એમઆરઆઈ વગેરે તપાસ જરૂર પ્રમાણે કરવામાં આવે છે.

- ❖ **સાંધાના વા માટે ક્યા પ્રકારની દવાઓ હોય છે ?**

RHEUMATOLOGY ASSOCIATION GUJARAT

- સાંધાના વા માટે દુ:ખાવો અને સોજો ઓછો કરવાની દવા (એન્ટી ઈન્ફ્લેમેટરી દવાઓ) તથા બિમારી કાબુમાં રાખવાની દવાઓ (DMARD) હોય છે.
- અમુક દર્દીઓને વિટામીન અને કેલ્શિયમની દવાઓ પણ આપવામાં આવે છે.

### ❖ શું બધા જ સાંધાના વાની દવા એક જ હોય છે ?

- ના, સાંધાના વા માટે સાત-આઠ પ્રકારની દવાઓ છે. વાના પ્રકાર પ્રમાણે દવા આપવામાં આવે છે.
- આ ઉપરાંત દર્દીની ઉમર, બિમારીની તીવ્રતા, સાથે રહેલી બીજી બિમારી જેમ કે ડાયાબીટીસ, બ્લડ પ્રેશર વગેરે દવાનો પ્રકાર નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે.

### ❖ સાંધાના વાના દર્દીને કેટલા સમયમાં સારૂ થાય છે ?

- સામાન્ય રીતે દુ:ખાવા અને સોજો ઓછો કરવા માટેની દવાની અસર ૭-૧૦ દિવસમાં શરુ થાય છે. બિમારીને કાબુમાં લાવવાની દવાઓની અસર આવતા છ થી બાર અઠવાડીયા લાગે છે.
- બિમારીની દવા નાના ડોઝમાં શરૂ કરવામાં આવે છે. ધીમે-ધીમે ડોઝ વધારવામાં આવે છે. દરેક દર્દીને એક જ દવા અસર કરતી નથી. ઘણા દર્દીઓને દવાનું મિશ્રણ આપવું પડે છે.

### ❖ શું સાંધાનો વા મટી શકે છે ?

- ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરના દર્દીની જેમ વાની બિમારીને કાબુમાં રાખી શકાય છે.
- એક્વાર બિમારી કાબુમાં આવ્યા પછી ઓછામાં ઓછી દવાથી બિમારી કાબુમાં રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- કોઈવાર દવા ઘટાડયા પછી બિમારીની તિવ્રતા વધી શકે છે. ઘણા દર્દીના બિમારી કુદરતી રીતે શાંત થઈ જાય છે (Natural Remission). તેમની દવાઓ બંધ થઇ શકે છે.

### ❖ શું સાંધાના વાની દવા લાંબા સમય સુધી ચાલુ રાખવાથી આડઅસર થઈ શકે છે?

- યોગ્ય ડોકટર દ્વારા, યોગ્ય નિદાન થયા પછી યોગ્ય માત્રામાં અપાયેલી દવાઓ સામાન્ય રીતે કોઈ નુક્સાન કરતી નથી.
- દવા ચાલુ કરતા પહેલા અને ચાલુ ક્ર્યા પછી દર ત્રણ-ચાર મહીને રક્તકણ, લિવર અને કીડનીની તપાસ

### ❖ સાંધાના વાને અને ખોરાકને કોઈ સંબંધ છે ? ખટાશ ખાવાથી વા થઈ શકે છે ?

- આજની તારીખે વૈજ્ઞાનિક દ્રષ્ટિથી ગાઉટ નામના વા સિવાય ખોરાક અને વાને કોઈ સંબંધ નથી. ખટાશ ખાવાથી વા થતો નથી કે વધતો નથી.
- દર્દીની પ્રકૃતિ પ્રમાણે અમુક ખોરાક જે તે દર્દીને અસર કરી શકે છે. દરેક દર્દીએ પોતાની પ્રકૃતિ પ્રમાણે ખોરાક લેવો જોઈએ. દહીં, છાશ, દૂધ વગેરે વાની બિમારીમાં હાડકા મજબૂત કરવામાં મદદ કરે છે.

RHEUMATOLOGY ASSOCIATION GUJARAT